February 2026

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

Year 21 • Issue 5 / 240
• Mumbai • Page 24 • Price Rs. 2/-
• PRGI. Regd. No. MAHGUJ/2006/18379
ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 •
Email : patanmandal@gmail.com • www.patanmandal.org



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)



મારા વહાલા વતન, પાટણના પટણીઓ
પ્રણામ !

કેટલીક ક્ષણો હવાની લહેરખી જેવી હોય છે કે જે સુવાસની અનુભૂતિ કરાવે છે.
કેટલીક ક્ષણો અંતરના છાંટણા જેવી હોય છે, જેની ખુશ્બુ મહિનાઓ સુધી આવે છે,
તો કોઈક પ્રસંગો એવા બને કે તેની યાદી સ્મૃતિમાં અંકિત થઈ જાય.
કેટલીક ક્ષણો ખુશ્બુના ખજાના જેવી હોય છે જ્યારે ખોલો ત્યારે ખુશ્બુથી મનતરબતર થઈ જાય.

આવોજ અવસર આપણા આંગણે આવીને ઉભો રહ્યો છે અને તે છે આપણી અયોધ્યા-વારાણસીનો તીર્થ યાત્રા પ્રવાસ.

આ અંક આપ સૌના કરકમળમાં મુકાશે ત્યારે દરેક યાત્રિકોની અયોધ્યા અને વારાણસીની યાત્રા સફળતા પૂર્વક પૂર્ણ થઈ હશે અને યાત્રા પ્રવાસનો આનંદ તથા યાદગીરીનો ગુલદસ્તો હૃદયમાં મહેકતો હશે.

મારી કલમ મારાથી રિસાઈ જાય છે,
જો હું પાટણ જૈન મંડળની પ્રગતિ માટે ન લખુ તો મારી કલમ હાથમાંથી છૂટી જાય છે.

તા. ૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ સોમવારના રોજ સાંજના ૪ વાગ્યાથી ગરવારે હોલમાં અયોધ્યા યાત્રાના લાભાર્થીઓ તેમજ યાત્રિકો ખુબજ ઉત્સાહથી અંતરમાં આનંદ લઈને પધાર્યા હતા. તે સૌને યાત્રા પ્રવાસની વિગતવાર માહિતી આપતી તેમજ દાતાઓના નામની નાની પુસ્તિકા આપવામાં આવી હતી. એ સમયે સૌને સંઘપૂજન તથા સર્વસાધારણ ખાતા માટેની વિસ્તારપૂર્વકની માહિતી અને સમજણ આપતા નાના મોટા દરેકે યથા શક્તિ લાભ લીધો છે તેની ખૂબ ખૂબ અનુમોદના અને ખૂબ ખૂબ આભાર.

આ બધુ જોતા ઉપસ્થિત સર્વેમાં ખૂબ ખૂબ આનંદ અને ઉત્સાહ ઉમંગ દેખાયા અને સૌએ તાળીઓથી વધાવી લીધુ.

લોનાવાલા ખાતે નવગ્રહ જિનાલયનું કામ અને હોલી-ડે હોમનું કામ શરૂ થઈ ગયું છે. આપણે સૌ શ્રી શંખેશ્વર દાદાને પ્રાર્થના કરીએ કે અમને આશિર્વાદ આપો કે બાર મહિનામાં એટલે ૨૦૨૭માં જિનાલયમાં ધામધૂમથી પ્રતિષ્ઠા કરીએ અને મહારાષ્ટ્ર રાજ્યમાં સૌ પ્રથમ શિખરબંધી જિનાલય પટણીઓનું નિર્માણ થશે તેનો આનંદ ઉલ્લાસ સાથે વધામણી કરીએ.

આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ''મન કી બાત''માં કહ્યું હતું કે, 'UAE - PM" શેખ મોહમ્મદ બીન ઝાયેદ જે થોડા સમય પહેલા ભારતમાં આવ્યા હતા ત્યારે જણાવ્યું હતું કે; "UAE માં ૨૦૨૬ને એક પરિવારના વર્ષ તરીકે ઉજવી રહ્યા છીએ. આનો હેતુ દરેક પરિવારોમાં પરસ્પર સમજણ, સહયોગ અને સામાજિક એકતાને પ્રોત્સાહન આપી ભાતૃભાવ ખિલવવાનો છે. વર્તમાન સમયે સૌથી મોટી સમસ્યા એ છે કે લગભગ હવે દરેક પરિવારો ડિસ્ટર્બ થવા માંડ્યા છે. ટીનેજર અને યંગ જનરેશન

Cont. page 2

મોબાઈલના વ્યસની થઈ ગયા છે તેઓને પરિવારની ભાષાની સમજ ઓછી થતી જાય છે. લોનાવાલા પ્રોજેક્ટ આ ટીનેજર અને યંગ જનરેશનને - પરિવારની એકતાની સમજ જરૂરથી આપશે, જેનાથી સમાજનું જોઈન્ટ બોન્ડીંગ વધશે.

વધુ આનંદના સમાચાર એ છે કે **મોદી સાહેબની મહેનતથી "Europian Union & USA"** સાથે **Trade Deal** તૈયાર થઈ છે અને ઘણા દેશોમાં **Free Trade** (મુક્ત વ્યાપાર)ના એગ્રીમેન્ટ થઈ રહ્યા છે ત્યારે સમાજના વ્યાપારીઓ આનો વધુમાં વધુ લાભ લઈને પોતાનું અને સમાજનું ભવિષ્ય ઉજ્જવળ બનાવે તેવી આશા છે.

**સુરત અને અમદાવાદમાં પાટણ જૈન મંડળની સ્થાપના થઈ છે** તેનો લાભ ત્યાંના લોકોને આવનારા દિવસોમાં ખૂબજ સારુ પરિણામ આપશે તેવી આશા છે. **PJM USAની** જેમ શ્રી પાટણ જૈન મંડળ **સુરત અને અમદાવાદ AOP** રજિસ્ટર કરીને પોતાનું એક **Constituation** બનાવીને કાયમી ધોરણે વહિવટ કરશે અને **PJM Mumbai** સાથે **Associte** કરીને સમગ્ર પટણીઓને આગળ લાવવાનો પુરુષાર્થ કરશે તો **"Healthy Patani, Wealthi Patani"** ના સ્લોગનને સાકાર કરી પાટણનું નામ રોશન કરશે.

**PPL Tournament** બહુજ સારી રીતે ચાલી રહી છે **૫૦ ટકા મેચ રમાઈ ગઈ છે તા. ૧ માર્ચ ૨૦૨૬ના રવિવારે સાંજે ૫ થી રાત્રે ૧૦ કલાકે સોમૈયા ગ્રાઉન્ડ, ઘાટકોપર** ખાતે રમાશે તો આ તારીખે દરેક પટણીઓને ઉપસ્થિત રહીને આપણા ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે હાર્દિક આમંત્રણ છે.

અયોધ્યા યાત્રા પ્રવાસના સર્વે દાતાઓનો હૃદયપૂર્વકનો ઋણ સ્વીકાર કરતા આભાર માનીએ છીએ. આપ સૌ સદાય ખુલ્લા મનથી, ઉદાર દિલથી પાટણ સમાજના ઉત્થાન માટે હંમેશા અગ્રેસર રહો છો, તન-મન-ધનથી જે રીતે સાથ-સહકાર આપી રહ્યા છો તે રીતે આપ સૌની **અનુમોદના.... અભિવંદના.... અભિનંદન....**

**રૂા. ૧૧.૭૦ લાખનું માતબર દાન લોનાવાલા જિનાલય માટે આપીને દેવ-દ્રવ્યનો લાભ લેનાર -**
**''સંઘવી અંબાલાલ ધાર્મિક ટ્રસ્ટ - વાલકેશ્વર'' તેમની અનુમોદના ને આભાર..**

આ સાથે વારાણસી અયોધ્યામાં મુખ્ય જે લાભાર્થી સંઘપૂજનમાં તેમજ સાધારણ ખાતામાં લાભ લીધો છે તે પુણ્યશાળી પરિવારોની અનુમોદના.

| | Ayodhya Yatra | Rs. | Sangh Pujan | Sadharan |
|---|---|---|---|---|
| 1 | Vinodbhai Harilal Jhaveri | 250 | 175000 | 21000 |
| 2 | Ketakiben Daneshbhai Shah | 100 | 70000 | 11000 |
| 3 | Jeminiben Hemantbhai Salvi | 100 | 70000 | 11000 |
| 4 | Sudhaben Dineshbhai Shah | 100 | 70000 | 11000 |
| 5 | Pragnaben Deepakbhai Shah | 100 | 70000 | 11000 |
| 6 | Rameshbhai Chabildas Jhaveri | 100 | 70000 | 11000 |
| 7 | Charuben Rajendrabhai Jhaveri | 100 | 70000 | 11000 |
| 8 | Kinnariben Dipakbhai Shah | 100 | 70000 | 11000 |
| 9 | Pravinaben Pradipbhai Shah | 100 | 70000 | 11000 |
| 10 | Deepakbhai Sevantilal Shah | 100 | 70000 | 21000 |
| 11 | Ashita Sonirbhai Sandesara | 100 | 70000 | 11000 |
| 12 | Bhupendrabhai Sananlal Shah | 100 | 70000 | 11000 |
| 13 | Chetnaben Nareshbhai Shah | 50 | 35000 | -- |
| 14 | Pankajbhai Nemchand Shah | 50 | 35000 | 11000 |
| 15 | Geetaben Rakeshbhai Kantilal Shah | 50 | 35000 | 5000 |
| 16 | Belaben Pareshbhai Shah | 50 | 35000 | 11000 |
| 17 | Minaben Nitinbhai Shah | 40 | 28000 | 2000 |
| | | | **1113000** | **181000** |

# શું તમે ક્રોધને થોડીવાર, રોકી ના શકો ?



## તંત્રી સ્થાનેથી...

ભારતી શાહ

પ્રિય મિત્રો !

પ્રણામ

અમેરિકાના એક પ્રખ્યાત લેખક, જેની પાછળ લોકો પાગલ હતા, તેમના લખાણો અને પ્રવચનોનાં સાક્ષી બનવાનું લોકોને બહુ જ ગમતું. માત્ર અંગ્રેજીમાં જ નહી, વિશ્વની અન્ય ભાષાઓમાં એમના પુસ્તકો અનુવાદિત થયા છે. તેમાનું એક પ્રખ્યાત પુસ્તક **''How to win Friends and Influeance people.. જિંદગી જીતવાની જડીબુટી.''**

એક વખત **ડેલકારનૈંગીને** પોસ્ટમાં એક મહિલાનો પત્ર મળ્યો. સખત શબ્દોમાં તે મહિલાએ પોતાનો ક્રોધ વ્યકત કરીને ડેલનો ઉધડો લીધો હતો. કેમકે **અબ્રાહમ લિંકન** પર એણે એક રેડિયો પ્રવચન આપ્યું હતું. આ પ્રવચનમાં તારીખોની કશી ભૂલ થઈ ગઈ. તેથી લિંકન પ્રત્યે અહોભાવ ધરાવતી તે મહિલાએ આ માહિતીદોષ માટે પત્ર લખ્યો. તમને જો આ તારીખોની ખબર નહોતી, તો રેડિયો સુધી જઈને પ્રવચન આપવાની મૂર્ખામી કેમ કરી ? પહેલાં આ બધું સામાન્યજ્ઞાન મેળવો, હવે તમે જાહેરમાં ક્ષમા માંગો. કેમ કે તમે લિકંનનું અપમાન કર્યું છે. **હૈયામાં વાગી જાય એવા સખત શબ્દોમાં અસભ્ય ભાષામા આ મહિલાનો પત્ર હતો.**

પત્ર વાંચીને **ડેલકારનેગીનું** લોહી ગરમ થઈ ગયું. સખત ગુસ્સામાં આવીને તેઓએ આ મહિલાને વળતો જવાબ આપતો પત્ર લખ્યો. **શેરને માથે સવાશેર** જેવો એ જવાબ હતો. પણ કોઈક કારણસર તે પત્ર તેમનાં ટેબલ પર જ રહી ગયો. પોસ્ટ ના થઈ શકયો. રાત્રે ટેબલ પર પત્ર મૂકીને જ સૂઈ ગયા. સવારે ઉઠીને કવર બંધ કરવાનું યાદ આવતા પહેલા એકવાર ફરીથી શાંતીથી આ પત્ર વાંચ્યો. સવારની શાંત પળોમાં વાંચતા એને મનમાં વિચાર આવ્યો કે મારાંથી જરા વધારે પડતું લખાઈ ગયું છે. આટલો બધો આક્રોશ વ્યકત કરવાની મારાં જેવા નામાંકિત લેખકને જરૂર નહોતી. મહિલાએ એમાં ખોટું શું લખ્યું છે ? **ભુલ તો મારી થઈ છે. તો ક્ષમા મારે માગવી જોઈએ. એના બદલે હું નારાજ થઈ ગયો છું. કારનેગીએ** લખેલો પત્ર બાજુ પર મૂકીને એક બીજો જ માફી માગતો પત્ર લખ્યો અને પોતાની ભુલ બતાવવા બદલ આભાર માન્યો. પછી તેને વિચાર આવ્યો કે મેં જો રાત્રે જ એ પહેલો પત્ર રવાના કરી દીધો હોત તો ? નોકર એ વખતે જો ઘેર ન ગયો હોત તો ? કેટલો બધો ફરક છે આ બે જવાબમાં, હજુ પણ શું ઉતાવળ છે ? સાંજે ફરીથી આ પત્ર વાંચીશ અને પછી જ પોસ્ટ કરીશ.

સાજે પત્ર વાંચ્યા પછી ફરીથી કંઈક વિચાર આવ્યો અને ત્રીજો જવાબ લખ્યો. આ જવાબ તદન જુદો અને સૌહાર્દપૂર્ણ હતો. તેમ છતાં મન માનતું નહોતું. સાત વખત પત્રમાં ફેરફાર કરતા ગયા અને જયારે લાગ્યું કે, હવે આમાં બદલવા જેવું કશું જ નથી. **પત્રનું સંપૂર્ણ સ્વરૂપ બદલાઈ ગયું છે. કયાં એ ધૃણા અને કયાં આ પ્રેમ અને મૈત્રીથી છલકાતો જવાબ!!**


**ડેલે** આ પત્રમાં લખેલું- આપના પત્ર માટે આભારી છું. આ તરફ આવવાનું થાય તો જરૂરથી મારે ત્યાં મહેમાન બની આવશો તો મને ગમશે. લિંકન વિશે મારું જ્ઞાન અલ્પ છે. આપની સાથે સંવાદ કરતાં મને લિંકન વિશે વધુ જાણવા મળશે. મને માફ કરજો. આપના દિલને ઠેસ પહોંચી હોય તો ક્ષમા ચાહું છું.

પ્રેમ અને મૈત્રીથી ભરેલો આ પત્ર પેલી મહિલાએ વાંચ્યો ત્યાંરે તેના હૃદયમાં કારનેગી પ્રત્યે માન ઉપજયું. સતત આ છ મહિના સુધી ડેલ સાથે ચાલેલી પત્ર મૈત્રીનાં કારણે એ ડેલનાં પ્રેમમાં પડી ગઈ. છ મહિના પછી આ મહિલા ડેલને મળવા આવી. એનાં જ ઘરે રહી અને આશ્ચર્યની વાત તો એ બની કે આખરે તે એની પત્ની બની ગઈ.

મારાં પ્રિય વાચક મિત્રો ! જરા વિચારીએ કેઃ જો પહેલો પત્ર પોસ્ટ કરી દીધો હોત તો એમની નિકટતાની સંભાવના જ નષ્ટ થઈ ગઈ હોત અને સામસામે ક્રોધ,આક્ષેપોની ઝડી વરસતી હોત.


**મનમાં ઉઠેલા ક્રોધને જો થોડીવાર રોકી રાખીએ, તરત જ કોઈ પ્રતિભાવ ન આપીએ તો દુનિયાના મોટાભાગનાં ઝગડા જ સમાપ્ત થઈ જાય. આથી આવા સંજોગોમાં મનમાં કોઈપણ પ્રકારનો ઉચાટ રાખ્યા વગર જો એ સમય પસાર થઈ જવા દઈએ તો ડેલની જેમ શુભ ભાવ જાગે. કશુંક ઉત્તમ કામ કરવાની ઈચ્છા જાગે તો તત્કાલ એનો અમલ કરવો જોઈએ.**

**કામ, ક્રોધ, લોભ, મોહ કે અહંકારનો આવેગ આવે કે તરત જ મનને શાંત વિચારોનાં શુભભાવોમાં બદલવાની કળા શીખી લેવી જોઈએ. ક્રોધ દરેક માનવીનો વિનાશ જ નોંતરે છે, તે સૂત્ર સ્મરણમાં રાખવું જોઈએ.**



**શુભમ ભવતું**

**Wish you all Happy VALENTINE DAY.**



# ધજા ચઢાવવાથી શું લાભ થાય ?



ત્રણ ભુવનના નાથ તીર્થંકર પરમાત્માના જિનાલયની ધજા બદલનારો અતિશય પુણ્યનો સ્વામી બને છે.

(૧) આખી પૃથ્વી પર જેટલા પણ તીર્થો છે એ બધાયની જાત્રા કરવા જેટલો લાભ જિનાલયના શિખરની ધજા બદલવાથી થાય.

(૨) જિનાલયની ધજા બદલનારો પુણ્યશાળી આત્મા અત્યંત શૌર્ય, કીર્તિ અને યશ પામે.

(૩) આવા શુભ મંગલ પ્રસંગો એ ચઢતા ભાવો સાથે માત્ર હાજરી પુરાવવાથી પણ આપણે અનેરું પુણ્ય કમાઈ શકીએ છીએ.

**૧ ધજા – ૧૦૧ પેઢીને મજા**

પ્રાસાદ મંડન ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે જે પુણ્યશાળી આત્મા જિનાલયનાં ઉત્તુંગ શિખર ઉપર ધજા ચઢાવે છે, તે સ્વર્ગ અને મોક્ષના ફળ મેળવે છે. તેની ભૂતકાળની ૫૦ પેઢી, વર્તમાનકાળની ૧ અને ભવિષ્યકાળની ૫૦ પેઢીનો, દુર્ગતિમાંથી ઉદ્ધાર થાય છે. આનો સીધો અર્થ એમ કાઢી શકાય કે અત્યારે આપણે દુર્ગતિમાં નથી એનું કારણ આપણી પાછલી ૫૦ પેઢીમાંથી કોઈ પુણ્યાત્મા એ જિનાલયના શિખર ઉપર ધજા ચઢાવેલી હોઈ શકે છે તો શું આવું જ પુણ્યનું કામ યથા શક્તિ આપણે આપણી આગલી ૫૦ પેઢી માટે ન કરી શકીએ ? અથવા કે આપણી પાછલી ૫૦ પેઢીમાંથી કોઈ દુર્ગતિમાં હોય, તો દાદાની ધજા ચઢાવી આપણે એને બહાર ન કાઢી શકીએ ?

## બીડીએસવી નૂતનીકરણ દાતાશ્રીઓના નામ

**મુખ્ય દાતાશ્રી :** (૧) શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ રૂા. ૭૫ લાખ

**સહાયક દાતાશ્રી :** (૨) શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ પટેલ રૂા. ૩૧ લાખ

**ગ્રાઉન્ડ ફ્લોર લોબીના ત્રણ દાતાશ્રીઓ રૂા. ૭ લાખ**

(૧) શ્રી મહેન્દ્રભાઈ દેવચંદ સાંડેસરા (યુએસએ)

(૨) શ્રી અસીમભાઈ શિરીષભાઈ શાહ (બીડીએસવી. ફાઉન્ડર)

(૩) શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)

**૧ લો માળ લોબીના ત્રણ દાતાશ્રીઓ રૂા. ૫ લાખ**

(૧) શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ (માટલીવાલા)

(૨) શ્રી જશવંતભાઈ શાહ (ભૂતપૂર્વ વિદ્યાર્થી, અમદાવાદ)

(૩) શ્રી તેજપાલભાઈ હિરાલાલ પટવા (ભૂતપૂર્વ વિદ્યાર્થી, ઉંઝા)

**ક્લાસરૂમના દાતાશ્રીઓ રૂા. ૩ લાખ**

(૧) શ્રી વસંતભાઈ છોટાલાલ દોશી (ભૂતપૂર્વ વિદ્યાર્થી, અમદાવાદ)

(૨) શ્રી શૈલેષભાઈ કે. શાહ (ભૂતપૂર્વ વિદ્યાર્થી, અમદાવાદ)

(૩) શ્રીમતી હર્ષાબેન ભરતભાઈ શાહ (કુંભારીયા પાડો)

(૪) શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ (કુંભારીયા પાડો)

(૫) શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
હ. મૃદુલાબેન પ્રફુલભાઈ શાહ

## નીચે મુજબની યોજનામાં દાતાશ્રીઓ આવકાર્ય છે

એક સહાયક દાતા રૂા. ૫૧ લાખ • ૨૦ ક્લાસરૂમના દાતાશ્રી રૂા. ૩ લાખ

ગોલ્ડન સ્ટોન રૂા. ૨ લાખ • સીલ્વર સ્ટોન રૂા. ૧ લાખ

**સંપર્ક**

શ્રી દાનેશભાઈ શાહ (પ્રમુખ) 9930891985 • શ્રી રાજેન્દ્રભાઈ શાહ (ઉપપ્રમુખ) 9322227209

શ્રી ભરતભાઈ શાહ (સેક્રેટરી) 9323189941

# યાત્રા પ્રવાસ યાત્રિકોનું સ્નેહમિલન

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના પરિવારો માટે **તા. ૨૧ થી ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમ્યાન યોજાયેલ ૪૭ કલ્યાણકોની પાવન ભૂમિ શ્રાવસ્તી - રત્નપુરી - અયોધ્યા - કૌશાંબી - વારાણશી પંચ તિર્થ સ્પર્શના વિમાન યાત્રા પ્રવાસમાં** મુખ્યદાતા તથા સહયોગી દાતા પરિવારજનો સાથે લગભગ ૬૫૦થી અધિક યાત્રિકો જોડાયા છે તે જણાવતા હર્ષની લાગણી અનુભવાય છે.

યાત્રા પ્રવાસના આવવા-જવાની ટીકીટો, હોટલમાં ઉતારો, બસ તથા પર્સનલ કાર ઈત્યાદિની વિગતો સાથે વિગતવાર કાર્યક્રમ અને ઓળખકાર્ડ-યાત્રિક કાર્ડનું વિતરણ કરવા **સોમવાર તા. ૨ ફેબુઆરી ૨૦૨૬ના** સાંજે ૪ થી ૬ દરમ્યાન બીસીએ ગરવારે ક્લબ ખાતે યોજાયેલ **સ્નેહમિલનમાં ૪૨૫ થી અધિક યાત્રિકો ઉપસ્થિત રહ્યા હતા.**

આ અવસરે પ્રારંભમાં **શ્રીમતી ભાવીનીબેન જનકકુમાર શાહ** તથા **શ્રીમતી અલ્પાબેન વિનેશકુમાર શાહ** દ્વારા નવકારમંત્ર દ્વારા સમગ્ર વાતાવરણને મંગલમય બનાવ્યું હતું.

મંડળના માનદમંત્રી એડમિનિસ્ટ્રેશન **શ્રી દેવેશભાઈ શાહ** દ્વારા ઉપસ્થિત સર્વે યાત્રિકોનું ઉષ્માભર્યું સ્વાગત કરવા સાથે પ્રવાસના સંપૂર્ણ કાર્યક્રમની વિગતો આપવાં આવી હતી. વિમાન પ્રવાસ દરમ્યાન ઓછામાં ઓછું વજન લેવા, ચપ્પુ-બ્લેડ-કાતર-રેઝર-કટર જેવી વસ્તુઓ સાથે નહી લેવા અને લેપટોપ, પાવર બેન્ક, ચાર્જર વગેરે પર્સમાં સાથે રાખવા તેમજ યાત્રિક લગેજ કાર્ડના સ્ટીકર પોતપોતાના સમાન ઉપર અવશ્ય ચોટાડવા આગ્રહભરી વિનંતી કરવામાં આવી હતી.

યાત્રિકોના મનમાં ઉદ્‌ભવતા કેટલાંક સામાન્ય પ્રશ્નોના સંતોષકારક જવાબો એડમિન **શ્રી દેવેશભાઈ** અને એડમિન સહમંત્રી **શ્રી ભાવિકભાઈએ** પરસ્પર સંવાદ દ્વારા આપ્યા હતાં. તેમજ યાત્રા પ્રવાસની રીર્ટન ટીકીટો તથા અન્ય દરેક અપડેટ માહિતી આપને મોબાઈલ દ્વારા મળી રહે તે માટે દરેકે QR Code ડાઉનલોડ કરી લેવા જણાવ્યું હતું.

મંડળના પ્રમુખ **શ્રી દાનેશભાઈએ** પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સહુ પ્રથમ સર્વે દાતાઓ પ્રતિ આભાર માન્યો હતો. સાથે સર્વે યાત્રિકોએ સંસ્થાને પ્રવાસ દરમ્યાન શિષ્ટતા, સહકાર અને સહયોગ આપવા વિનંતી કરી હતી. તેમજ પાલિતાણા - સમેત શિખરજીની માફક આ યાત્રા પ્રવાસ પણ સુખ રૂપ પૂર્ણ થાય તેવી દરેક યાત્રિકોને પ્રાર્થના કરવા જણાવ્યું હતું અને દાતાશ્રીઓ દ્વારા વિવિધ રકમના સંઘપૂજન તથા સાધારણ ફાળાની રકમોની જાહેરાત કરવામાં આવી હતી.

સમગ્ર યાત્રા પ્રવાસ સુચારૂ રીતે પાર પાડી રહે તે માટે નિમાયેલ સ્વયંસેવકો દ્વારા રકમ ભર્યાની રસીદ નંબર પ્રમાણે રાખવામાં આવેલ વિવિધ કાઉન્ટરો ઉપર દરેક યાત્રિકોને તેમના પ્રવાસની વિગતો સાથેના કવરની વિતરણ વ્યવસ્થા સરળતાથી સંપન્ન થઈ હતી તે બદલ દરેક ભાઈ-બહેનો પ્રતિ આભાર માનવામાં આવ્યો હતો. હોલમાં છ ટેબલો ઉપર યાત્રિકોના ક્રમાંક નંબર મુજબ તેઓને કવરો આપવા માટે કાર્યકર ભાઈઓએ સારી જહેમત ઉઠાવી હતી અને આ અઘરુ કામ સરળ બનાવ્યું હતું.

SHREE PATAN JAIN MANDAL
AYODHYA YATRA PRAVAS UPDATE

સંસ્થાના ફાઈનાન્સ મંત્રી **શ્રી જ્યોતિન્દ્રભાઈ, શ્રી હેમાંગભાઈ** તથા મેડિકલ સહમંત્રી **શ્રી હેમંતભાઈ શાહ** દ્વારા સંઘપૂજન તથા સાધારણનો ફાળો લેવાની વ્યવસ્થામાં તેમજ બીસીએ હોલ બુકીંગ, કલેક્શન તથા ભોજન ઈત્યાદિ વ્યવસ્થામાં ઉપપ્રમુખ **શ્રી રોહીતભાઈનો** સક્રિય સહયોગ પ્રાપ્ત થયો હતો તે બદલ તેઓ સર્વે પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.


યાત્રિકોના કવરો તૈયાર કરવામાં તેમજ યાત્રા પ્રવાસને લગતા બીજા અન્ય કામો માટે પાટણ જૈન મંડળના બધાજ સ્ટાફનો સંપૂર્ણ સાથ-સહકાર મળતો રહ્યો છે તે બદલ તેમનો પણ આભાર માનવામાં આવે છે.

કાર્યક્રમના અંતે હાઈ-ટીનો લાભ લઈ ખુશનુમાં વાતાવરણમાં સહુ વિખરાયા.



## પૂરક મેડિકલ સહાય યોજનામાં દાન આપનાર દાતાઓ (રૂા. ૧ લાખ)

**શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ**
**(ખજૂરીનો પાડો)**



# જીવન મહેક સમિતિ

લગ્ન વિષય આજના સમાજની સૌથી મોટી સમસ્યાઓમાંની એક બની ગયો છે અને એક અત્યંત સંવેદનશીલ પ્રશ્ન છે. યોગ્ય પાત્ર શોધવું અને યોગ્ય લગ્નઉંમરે જીવનમાં સેટલ થવું હવે દિવસો દિવસ વધુ કઠિન કાર્ય બનતું જઈ રહ્યું છે.

પાટણ જૈન મંડળની જીવન મહેક કમિટી દ્વારા શરૂ કરવામાં આવેલ ડિજિટલ પ્લેટફોર્મ પર સારો પ્રતિસાદ મળી રહ્યો છે, તેમ છતાં હજી પણ ઘણા લોકો મનમાં એ પ્રશ્ન કરે છે કે, ''અમારો બાયોડેટા આ પ્લેટફોર્મ પર કેમ મૂકવો ?'' જ્યારે એ જ લોકો બહારના સમાજના મેટ્રિમોનિયલ પ્લેટફોર્મ પર પૈસા ખર્ચીને પોતાના બાયોડેટા મૂકે છે, ત્યારે પોતાના સમાજના પ્લેટફોર્મ માટે સંકોચ અનુભવાય છે જે વિચારણીય બાબત છે.

આ માટેનું મુખ્ય કારણ એ છે કે આજના સમયમાં ઘરમાં વડીલો માર્ગદર્શન આપવા હાજર નથી અને જ્યારે લગ્ન માટે શરૂઆત કરવાની હોય છે ત્યારે સૌથી મોટો પ્રશ્ન એ જ ઊભો થાય છે કે, શરૂઆત ક્યાંથી કરવી. આવા સમયે આ ડિજિટલ પ્લેટફોર્મ એક ઉત્તમ શરૂઆત બની શકે છે.

આ પ્લેટફોર્મ પર તમારો બાયોડેટા મૂકવાથી તે સમાજના લોકો સુધી પહોંચે છે અને લોકોને ખબર પડે છે કે આ પાત્ર લગ્નયોગ્ય છે. જો કોઈ પાત્ર તમને યોગ્ય ન લાગે તો તમે તમારા સમાજના મિત્રો કે સગા-સંબંધીઓને તે પ્રોફાઈલ ફોરવર્ડ પણ કરી શકો છો, જેથી યોગ્ય સ્થળે યોગ્ય માહિતી પહોંચી શકે. આ રીતે એકબીજાની પ્રોફાઈલ શેર કરીને સમાજમાં સહયોગ અને એકતાની ભાવના વિકસે છે.

સમગ્ર સમાજને અમારી વિનમ્ર વિનંતી છે કે, તમારો બાયોડેટા મુકવામાં કોઈ સંકોચ રાખવાની જરૂર નથી. આ પ્લેટફોર્મ ખાસ તમારા માટે જ બનાવવામાં આવ્યું છે, જેથી સમાજના લોકો એકબીજાને સરળ, સુરક્ષિત અને વિશ્વાસપૂર્વક જોડાઈ શકે.

આ પ્લેટફોર્મ આજના યુગની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે, જેથી યોગ્ય પાત્ર સુધી યોગ્ય માહિતી સરળતાથી અને સુરક્ષિત રીતે પહોંચી શકે.

પરંપરાગત રીતે આજ સુધી પેરેન્ટ્સ પોતે બાયોડેટા જોઈને પાત્ર પસંદ કરે છે અને ત્યારબાદ સંતાનોને આપવામાં આવે છે, પરંતુ આજના આધુનિક સમયમાં આ પદ્ધતિ હવે પૂરતી અસરકારક રહી નથી. આજના જમાનામાં સંતાનોને પોતે જ પાત્ર પસંદ કરવાની તક આપવી અત્યંત જરૂરી બની ગઈ છે.

સંતાનોને પાત્રની ક્વૉલિટી, ક્વૉલિફિકેશન, વિચારધારા અને સ્વભાવને સમજવાની સંપૂર્ણ છૂટ આપવી જોઈએ. તેમને પાત્ર સાથે વાતચીત કરવાની તક આપવાથી તેઓ પોતે જ નક્કી કરી શકે છે કે આ મેચ તેમના માટે યોગ્ય છે કે નહીં. જ્યારે યુવક-યુવતી પાત્ર યોગ્ય લાગે, ત્યારબાદ પેરેન્ટ્સ દ્વારા આગળની તપાસ, ઇનક્વાયરી અને માર્ગદર્શન કરવામાં આવે તો આ પ્રક્રિયા વધુ સંતુલિત, સમજણભરી અને સફળ બને છે.

આજના યુગમાં સંતાનો પોતે ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા બાયોડેટા જુએ છે, પોતાની સમજ મુજબ પસંદગી કરે છે અને ત્યારબાદ પેરેન્ટ્સ સાથે ચર્ચા કરે છે. આવી પ્રક્રિયામાં વિશ્વાસ, પારદર્શિતા અને એકબીજાની સમજ વધુ મજબૂત બને છે.

સમયની સાથે ચાલવું અને બદલાતી વિચારધારાને સ્વીકારવું આજની સૌથી મોટી જરૂરિયાત છે. પેરેન્ટ્સ માર્ગદર્શક બની રહે અને સંતાનોને પોતાનો જીવનસાથી સમજદારીપૂર્વક પસંદ કરવાની તક આપે એ જ આજના સમયની સાચી અને યોગ્ય દિશા છે.

આ ઉત્તમ અને સમાજહિતની પહેલ માટે જીવન મહેક કમિટીને હાર્દિક આભાર.




**શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વિમાવાળા) (કન્વીનર) : 9323742789**

**શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ (સેક્રેટરી) : 9323953779**

**શ્રીમતી હેમાબેન દર્શનભાઈ શાહ (સેક્રેટરી) : 9769369196**

**શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ (સેક્રેટરી) : 9819007469**

**શ્રીમતી પુજાબેન ચિરાગભાઈ શાહ (જોઈન્ટ સેક્રેટરી) : 9987590238**

# પલંગ યાત્રા : ઘરથી સ્મશાન, સ્મશાનથી બજાર અને પર્યન્તે પર્વત-શિખર પર

આ તો જબરું કહેવાય! આવું તો ક્યારેય જોયું નથી!

નનામી-ઠાઠડી ઘણી જોઈ, પણ આ તો પહેલી જ વાર!

ક્યાંય ઈતિહાસમાં વાંચ્યું પણ નથી અને ક્યારેય કોઈ વડવાઓના મોઢે આવું સાંભળ્યું પણ નથી! ગમે તેવો સંપત્તિશાળી હોય તો ય નીકળે તો ઠાઠડી.. અથવા તો કોઈક મહાપુરુષ હોય તો પાલખી નીકળે, પણ આ...!

આજે **ઉજ્જૈન નગરીમાં** એક કુતૂહલ સર્જાયું હતું. **રત્નસાગર ઊર્ફે રત્નાકર શેઠનું** આજે મૃત્યુ થયું હતું. શેઠની ઈચ્છા હતી કે તેની અંતિમયાત્રા પાલખીમાં નહીં પણ પલંગમાં જ નીકળે. જે પલંગ પર પોતે દિવસ રાત બેસતો-સૂતો, એ જ પલંગ પર તેની સ્મશાનયાત્રા કાઢવી. અને એજ પલંગ સાથે તેમના નિર્જીવ દેહનો અગ્નિસંસ્કાર કરવો.

બાપાને પલંગનો મોહ લાગેલો હતો, તેની જાણ દીકરાઓને હતી. તેથી દીકરાઓએ તેમની અંતિમયાત્રા તેમની ઈચ્છા પ્રમાણે પલંગ સાથે કાઢી હતી. જેને જોઈને નગરજનો ઉપરોક્ત ઉદ્‌ગારો એકબીજાની સામે અભિવ્યક્ત કરી રહ્યા હતા. પલંગ પર અંતિમયાત્રા નીકળી હોય એવું ક્યારેય સાંભળ્યું જોયું ના હતું.

આની ઉપર અમારો પુરો અધિકાર છે. તમારે આ પલંગ અમને આપવો જ પડશે. પણ અમારા પિતાની અંતિમ ઈચ્છા આ હતી કે તેમની અંતિમ યાત્રા અને અંતિમ સંસ્કાર આ પલંગ સાથે જ થાય. માટે આ પલંગ તમને ના આપી સકાય. પિતાની અંતિમ ઈચ્છા પૂરી કરવી એ અમારું પ્રથમ કર્તવ્ય છે. અમારે ત્યાં પણ આ નિયમ કે અંતિમયાત્રામાં આવેલ સામાન ઉપર અમો અધિકાર જમાવી શકીએ છીએ. અહીં જે આવે તે અમે લઈ શકીએ છીએ.

શેઠના દીકરા અને સ્મશાનના અંત્યજો વચ્ચે આ પલંગને લઈને વિવાદ જામ્યો. ત્યારે સાથે આવેલ વડીલોએ દીકરાઓને સમજાવ્યા અને પલંગનો અધિકાર અંત્યજોને અપાવ્યો. આ પણ એક આશ્ચર્ય છે ને! **તનતોડ મહેનત કરીને જે સંપત્તિ ભેગી કરી હોય તેની ઉપર દીકરાઓ અધિકાર જમાવી લે છે અને પોતાની સંપત્તિમાં જમા કરી લે છે અને જે સામગ્રી સાથે અંતિમયાત્રા કાઢી હોય, તેની ઉપર સ્મશાનવાસીઓ અધિકાર જમાવી લે છે.**

સ્મશાનના અંત્યજ એ પલંગને લઈને ઉજ્જૈનની બજારમાં આવ્યા અને પલંગ વેચવા કાઢ્યો! એક વોહરાએ ૧૫ રૂપિયામાં એ પલંગ ખરીદી લીધો. પંદર રૂપિયામાં પલંગ ખરીદીને વોહરા ખુશ હતો. સસ્તામાં આવો સારો પલંગ મળી ગયો અને ૧૫ રૂપિયામાં વેચીને અત્યંજ પણ ખુશ હતો. મફતના પલંગના આટલા રૂપિયા મળી ગયા.

આગળ જતાં એક બજારમાં વોહરાએ એ પલંગ વેચવા માટે મૂક્યો. પલંગ સારો હતો એટલે ઉજ્જૈનની નજીકના નાના ગામડેથી આવેલા એક બાળકને આ પલંગ ગમી ગયો. ગરીબ ઘરના આ બાળકે પોતાની પાસે ભેગા કરેલા રૂપિયાથી એ પલંગ ખરીદી લીધો અને પલંગ લઈને તે હરખાતો ઘેર આવ્યો. પોતાની મા ને આ સુંદર પલંગ દેખાડયો દિકરાના આનંદમાં જેનો આનંદ સમાયો હોય, તે છે મા.

મા કહે, 'બેટા, તને આ પલંગ ગમી ગયો અને ખરીદી લીધો, તે સારું કર્યુ, પણ આપણી આ નાનકડી ઓરડીમાં ક્યાં એને રાખીશું ? હમણા આ પલંગને ખોલીને સમેટીને મૂકી દઈએ. પછી જ્યારે આપણે થોડું મોટુ ઘર લઈશું, ત્યારે પલંગને ફરી વ્યવસ્થિત કરી દઈશું અને તે પછી તું એની ઉપર સૂવાનું રાખજે.' પોતાની વિધવા મા સાથે રહેતો આ બાલા નામનો બાળ માની ગયો. ઘરમાં બે જ જણ હતા, તેથી બન્નેએ ભેગા મળીને પલંગના પાયા ખોલ્યા. અને... અને... મા-દિકરાના ભાગ્ય ખૂલ્યા... પલંગમાંથી મોંઘી કિંમતના એક હજાર રત્નો નીકળ્યા. ઝગમગાટ કરતા રત્નોથી માત્ર આ નાના ખોરડા-ઓરડામાં જ પ્રકાશ રેલાયો એવું નહીં, મા-દિકરાની આંખમાં ય ચમક આવી.

ઝુંપડાની જગ્યાએ આલીશાન મહેલ બનાવી શકાય એવી લખલૂટ સંપત્તિને સામે જોઈને મા એ કહ્યું - **બેટા, આ સંપત્તિ આપણને સત્કાર્ય માટે મળી છે, ઘર બનાવવા નહીં. અને બન્ને મા-દિકરાએ ભેગા મળી એ રત્નો મંદિરોની નગરી ગણાતા પાલિતાણા-શત્રુંજય મહાતીર્થ પર વાપરી દીધા.. આજે ત્યાં નવટુંકમાની એક ટૂક બાલાભાઈની ટુંક તરીકે જગપ્રસિદ્ધ છે.**

**પ્રભાવના**

**પુણ્યથી મળેલી સંપત્તિ પુણ્યકાર્યમાં વાપરવી. પૂર્વજન્મે કરેલા સત્કાર્યથી મળેલી લક્ષ્મી સત્કાર્યમાં વાપરવી, સ્વકાર્યમાં નહીં. આ સમજ ધરાવનાર બાલ નામે બાલે પોતાની સંપત્તિ શત્રુંજયનાં મંદિર બનાવવામાં વાપરી તો લીધી પણ નસીબ તો જુઓ...**

**આજે શત્રુંજયના મંદિરોમાં સૌથી વધુ પંચધાતુની મૂર્તિઓ જો ક્યાંય હોય તો એ નામ છે બાલાભાઈનું મંદિર... એક હજાર રત્નોમાંથી એક પણ રત્ન પોતાના માટે ન વાપર્યુ. આ પણ એક મહાન મહાનતા છે ને!!**

**ધનની ગરીબી હોવા છતાં તેણે મનની અમીરી છતી કરી હતી.**

**સંકલનઃ જૈન ઈતિહાસમાંથી**

# વિવિધ યોજનાઓમાં ઉત્સાહભેર ભાગ લેવા હાર્દિક વિનંતી.







**Rs. 25+6.5 = 31.5 Lc** બે ભાગમાં સયુક્ત લાભાર્થી લાભાર્થી :

પાર્શ્વયક્ષનો અર્ધો લાભ અપાઈ ગયો છે

બીજા ભાગના લાભાર્થીનું નામ બાકી

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે, આ સ્કીમમાં એક ભગવાન ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૧૩ લાખ રહેશે.

**Rs. 30 Lc** એક રૂમના લાભાર્થી :

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે

સાથે ૩૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે

તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc** એક રૂમના બે લાભાર્થી રહેશે :

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે

સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે

તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 2.25 Cr** ડાઈનીંગ હોલ
**Rs. 1.50 Cr** Grand એન્ટ્રન્સ લોબી
**Rs. 1.25 Cr** ક્રિકેટ ગ્રાઉન્ડ
**Rs. 1.25 Cr** લેન્ડસ્કેપ એરિયા
**Rs. 1.25 Cr** હોલ (૨૦૦ વ્યક્તિ માટે)
**Rs. 63 Lc** હોલ (૧૦૦ વ્યક્તિ માટે)
**Rs. 30 Lc** વ્યૂવિંગ ગેલેરી

દાતા શ્રીઓને એમનું દાન એક વર્ષમાં આપવાનું રહેશે.

સંસ્થાને પ્રાપ્ત થયેલ દાનની રકમ ઈન્કમ ટેક્ષ કાયદા કલમ 80G અન્વયે ૫૦ ટકા કરમુક્તિને પાત્ર છે


**વધુ વિગત માટે સંપર્ક**

શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫ • શ્રી હેમંતભાઈ કે. સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯ • શ્રી દેવેશભાઈ આર. શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



# શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન



## શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન નિર્મિત

લોનાવાલા મધ્યે રત્નમય નવ ગ્રહ
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયમાં ભવ્યાતી ભવ્ય
દેવદ્રવ્યનો લાભ લેવાનો અમૂલ્ય અવસર

* રંગમંડપમાં નામ આપવાના — રૂા. ૨,૦૭,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. બે કરોડ સાત લાખ)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.
* ચાર ગભારા ઉપર નામ આપવાના — રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. એક કરોડ આઠ લાખ) (પ્રત્યેકના)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

**પાંચ ગભારાનું જિનાલય છે જેમાં મુખ્ય ગભારાનો લાભ અપાઈ ગયેલ છે.**

* દહેરાસરના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ સ્કીમ મુજબ ગોલ્ડન શાહીથી નામ લખવામાં આવશે.

(૧) ડાયમંડ સ્કીમ - (રત્નમય આધાર સ્થંભ) ૫૪ લાખ
(૨) ગોલ્ડ સ્કીમ - (સુવર્ણ આધાર સ્થંભ) ૨૭ લાખ
(૩) સિલ્વર સ્કીમ - (રજત આધાર સ્થંભ) ૧૧.૭૦ લાખ

તા.ક. ઉપરોક્ત દેવ દ્રવ્યની રકમ ૨૪ મહિનાની અંદર સરળ હપ્તેથી આપવાના રહેશે.

❋ નમ્ર અપિલ ❋

પાટણના સર્વ જિનાલયોના ટ્રસ્ટીઓને જણાવવાનું કે આપણા
આ નૂતન જિનાલયમાં લાભ લેવા નમ્ર વિનંતી છે.

## શ્રી પાટણ જૈન મંડળ

## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DONOR

**લોનાવાલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી**

**Rs. 10 Cr.**

**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**

**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

**દેરાસરના મુખ્ય લાભાર્થી**

**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

**Rs. 5.25 Cr.**

**મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી**

**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**

**Rs. 4.00 Cr.**

**Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી**

શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ

શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ

**Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી**

- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) - શ્રીમતી રંજનબેન (બચુભાઈ) શાહ (વાસુપૂજ્યની શેરી)

  હ. શ્રીમતી તેજુબેન અને શ્રીમતી રંજનબેન

**Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ, હ. શ્રીમતી કામીનીબેન શરદભાઈ શાહ
  - શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
- શ્રી હેમચંદ્રભાઈ જીવણલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- શ્રી દાનેશભાઈ, શ્રી હેમંતભાઈ, એક સદ્‌ગૃહસ્થ
- શ્રીમતી સુધાબેન હર્ષદભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી)
  - શ્રીમતી મીનાબેન નિતિનભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી)
  - શ્રીમતી સંગીતાબેન ચંદ્રકાન્તભાઈ મુલચંદ શાહ (સંઘવીનો પાડો) હ. સ્વાતી ચંદ્રકાન્ત શાહ
  - શ્રી ભોગીલાલ રામચંદ્ર શાહ (જાફુજીવાલા) હ. ચિંતનભાઈ નિતિનભાઈ શાહ (તંબોલીવાડો)

## Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ – હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)
- શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર હિંમતલાલ શાહ (શામળાજીની શેરી, ખેતરવસી)
- પદ્માવતી માતા – શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- અંબિકા દેવી – શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી–મરીનડ્રાઈવ (મનમોહનજીની શેરી)
- મહાલક્ષ્મી માતા – શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજી ની શેરી)
- મણિભદ્રવીર દાદા – શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો) USA
- શ્રી ગૌતમસ્વામી – શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ (ડંકમહેતાનો પાડો) – એક સદગૃહસ્થ
- શ્રી વિનોદભાઇ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી જ્યોત્સનાબેન પ્રવિણચંદ્ર શાહ–હ. શ્રીમતી નિકીતાબેન ધીરેનભાઈ શાહ, હર્ષિલ, સુહાની, વિધી, સાગર, કિયાન, આરવ (મહાદેવાજીની શેરી, ખેતરવસી)

## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા) – હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ (ખેતરવસી – મહાદેવાજીની શેરી)

  માતુશ્રી ચંપાબેન નેમચંદભાઈ શાહ (ડીસાવાળા) (કનાસાનો પાડો) હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ USA
- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા – હ. શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- શ્રીમતી સેજલબેન મનીષભાઈ મજીઠીયા (ખેતરપાળનો પાડો)
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ – હ. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ – હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ – હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ – હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ – હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ (ખેતરવસી)
- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ – હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ – હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી – હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર – હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (કપુરમહેતાનો પાડો)
- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી શીલાબેન નરેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)

# સમૃદ્ધ પાટણ સમાજની મેડિકલ યોજના

**-: રૂા. ૧,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતાઓ :-**

દિન-પ્રતિદિન વૈદકીય સારવાર, હૉસ્પિટલનો ખર્ચો તેમજ હૃદયરોગ, કિડની, લિવર, પેરેલિસિસ જેવા વધુ લાંબા રોગોની સારવારનો ખર્ચો ખૂબજ વધારે પડતો આવે છે, મધ્યમ વર્ગના પરિવારો માટે પોતાના સ્વજનને સારી અને વ્યવસ્થિત સારવાર કરવા માટે આપણા સમાજ પાસે મદદ લેવા અરજીઓ કરવી પડે છે, તેમના મોટી રકમના બિલો ચૂકવવામાં અને તેઓને થોડી રાહત આપવા આપણા સમાજના શ્રીમંત પરિવારો હંમેશા તૈયાર રહે છે તે ખૂબજ અનુમોદનીય બાબત છે.

આ યોજના અંતર્ગત સમાજના વધુને વધુ પરિવારો જોડાય તેવા શુભ આશયથી **''રૂા. એક લાખની પૂરક મેડિકલ સહાય સ્કીમ''** શરૂ કરી છે. આશા છે કે આપણા જ સાધર્મિક પરિવારોને મેડિકલ સહાય આપવામાં જરૂરથી પ્રોત્સાહન આપીને માનવસેવાના કામમાં સાથ-સહકાર આપશો.

સમાજના નીચે મુજબના દાનવીરો દ્વારા આ યોજનામાં સ્વૈચ્છિક રીતે જોડાઈ અમોને પ્રોત્સાહન પુરુ પાડેલ છે, તે બદલ તેઓ સહુ પ્રતિ આભાર ભાવ વ્યક્ત કરવામાં આવે છે.

- ✻ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- ✻ શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ (માટલીવાલા)(કનાસાનો પાડો)
- ✻ શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)
- ✻ શ્રીમતી જેમીનીબેન હેમંતભાઈ સાલવી (સાલવી વાડો)
- ✻ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
- ✻ શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- ✻ શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)
- ✻ શ્રીમતી દેવિન્દ્રાબેન ભરતભાઈ શાહ (ઢંઢેરવાડો)
- ✻ શ્રી સંદીપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)
- ✻ શ્રીમતી સોનલબેન સંદીપભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- ✻ શ્રી સંદીપભાઈ રમેશચંદ્ર શાહ (કટકિયા વાડો)
- ✻ શ્રી રમેશચંદ્ર મોતીલાલ શાહ (કટકિયા વાડો)
- ✻ શ્રીમતી ચંપાબેન ભાખાભાઈ સાલવી (સાલવી વાડો)
- ✻ શ્રીમતી મીનાબેન નિખીલભાઈ શાહ (ખજુરીનો પાડો)
- ✻ શ્રીમતી સુશીલાબેન બાપુભાઈ શાહ (મલ્લાતનો પાડો)
- ✻ શ્રીમતી હંસાબેન પ્રફુલભાઈ શાહ (ઝભલાવાળા) (મહાદેવાજીની શેરી)
- ✻ શ્રી પ્રફુલભાઈ જયંતિલાલ શાહ (ઝભલાવાળા) (મહાદેવાજીની શેરી)
- ✻ શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર ઝવેરી (કુંભારીયા પાડો)
- ✻ શ્રીમતી માધવીબેન હિતેનભાઈ ઝવેરી (કુંભારીયા પાડો)
- ✻ સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- ✻ શ્રીમતી આશિતાબેન સોનીરભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- ✻ શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- ✻ શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- ✻ શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)
- ✻ શ્રીમતી સ્મિતાબેન સ્નેહલભાઈ સંઘવી (બ્રાહ્મણ વાડો)
- ✻ શ્રી નરેશચંદ્ર મણિલાલ ઝવેરી (ચોધરીની શેરી)
- ✻ શ્રી અશ્વીનભાઈ કાંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- ✻ શ્રીમતી દત્તાબેન અશ્વીનભાઈ શાહ (કનાસાનો પાડો)
- ✻ શ્રીમતી હંસાબેન બાબુલાલ શાહ (કનાસાનો પાડો)

**ખાસ નોંધ:**

(૧) આ યોજનામાં દાન આપનાર દરેક દાતાઓનો એક ફોટો દાનની રકમ પ્રાપ્ત થયા બાદ પાટણ પ્રતિબિંબ તથા વાર્ષિક અહેવાલમાં છાપવામાં આવશે જે વિદિત થાય.

(૨) સંસ્થાને પ્રાપ્ત થયેલ દાનની રકમ ઈન્કમટેક્ષ કાયદા કલમ ૮૦જી (80G) અન્વયે ૫૦ ટકા (50%) કરમુક્તિને પાત્ર છે.

# લોનાવાલા ખાતે નવગ્રહ જિનાલય માટે દેવદ્રવ્યના લાભાર્થી

| | |
|---|---|
| ❖ શ્રી મરીનડ્રાઇવ જૈન આરાધક ટ્રસ્ટ | રૂા. ૧.૦૮ કરોડ |
| ❖ શ્રી શાંતીનાથ જિનાલય-મોટા દેરાસર, કનાસાનો પાડો | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ - રતન નગર | રૂા. ૨૭ લાખ |
